# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૫૬ તા.૭-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વાચન અભિયાન અંતર્ગત બાયસેગના માધ્યમથી શિક્ષક તાલીમ બાબત.

સંદર્ભ :- ક્રમાંક : જીસીઇઆરટી/પ્રકાશન/૨૦૧૯/૨૨૪૯૬-૨૨૫૨૧ તા.૦૪-૦૯-૨૦૧૯.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને ઉપરોકત વિષયે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર દ્વારા આ વર્ષ દરમિયાન પ્રાથમિક શાળાઓમાં ધો. ૩ થી ૮માં 'રીડીંગ કેમ્પૈન' - 'વાચન અભિયાન' કરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ અભિયાનની શરૂઆત શ્રવણ-કથન આધારિત મૌખિક ભાષા વ્યવહારની પ્રવૃત્તિ સંપુટ દ્વારા ૧૦ સપ્ટેમ્બર,૨૦૧૯ થી કરવાની થાય છે. આ માટે જીસીઇઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ મૌખિક ભાષા વ્યવહાર પ્રવૃત્તિ સંપુટ (ધો.૩થી૮) સી.આર.સી.ના માધ્યમથી એકમ કસોટીની જેમ દરેક શિક્ષકને આપવામાં આવશે. 'રીડીંગ કેમ્પૈન' - 'વાચન અભિયાન'ના સફળતાપૂર્વકના અમલીકરણ માટે રાજ્યના ધો. ૩ થી ૮ના તમામ શિક્ષકોને બાયસેગના માધ્યમથી પ્રશિક્ષણ અપાવાનું નક્કી કરવામાં આવેલ છે. જેનું આયોજન નીચે મુજબ છે.

- **તા. ૦૯-૦૯-૨૦૧૯ના રોજ વાચન અભિયાનની તાલીમ બાયસેગના માધ્યમથી ટેલિકોન્ફરન્સરૂપે રહેશે.**
- **ધો. ૬ થી ૮ના શિક્ષકોએ ૧૧ થી ૧૨.૩૦ દરમિયાન અને ધો. ૩ થી ૫ના શિક્ષકોએ ૧૫.૩૦ થી ૧૭.૦૦ કલાક દરમિયાન શાળાકક્ષાએ બિનચૂક જોવાની રહેશે.**
- **સી.આર.સી. કો-ઓ., યુ.આર.સી. કો.ઓ., બી.આર.પી., સુપરવાઇઝરશ્રીઓએ આ તાલીમનું મોનીટરીંગ કરવાનું રહેશે.**
- **ધો. ૩ થી ૫ના સવારપાળીના શિક્ષકોએ પણ આ ટેલિકોન્ફરન્સ ફરજીયાતપણે નિહાળવાની રહેશે.**

તા.૭-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

૨૨૪૯૬ ૨૨૪૨૯

ક્રમાંક: જીસીઇઆરટી/પ્રકાશન /2019/
**ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ**
**પરિષદ, વિદ્યાભવન, સેક્ટર-12, ગાંધીનગર.**
ફોન: (079) 23256808-39
ફેક્સ: (079)23256812
ઇ-મેઇલ: gcert12@gmail.com
**Web : www.gcert.gujarat.gov.in**
તારીખ: ૦૩/૦૯/૨૦૧૯

सत्यमेव जयते

સચિવ

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી

તમામ

વિષય : વાચન અભિયાન અંતર્ગત બાયસેગના માધ્યમથી શિક્ષક તાલીમ બાબત

સંદર્ભ : તા. ૦૩/૦૯/૨૦૧૯ની શાખા નોંધ પર મળેલ માન. નિયામકશ્રીની મંજૂરી

નમસ્કાર

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અનુસંધાને જણાવવાનું કે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા આ વર્ષ દરમિયાન પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮માં 'રીડીંગ કેમ્પેન' - વાચન અભિયાન' કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ અભિયાનની શરૂઆત શ્રવણ –કથન આધારિત મૌખિક ભાષા વ્યવહારની પ્રવૃત્તિ સંપુટ દ્વારા ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૯થી કરવાની થાય છે. આ માટે અત્રેથી તૈયાર કરવામાં આવેલ મૌખિક ભાષા વ્યવહાર પ્રવૃત્તિ સંપુટ (ધોરણ ૩ થી ૮) SSAના માધ્યમથી એકમ કસોટીની જેમ દરેક શિક્ષકને પહોંચતો કરવાનો થાય છે.

રીડીંગ કેમ્પેન'-વાચન અભિયાન'ના સફળતાપૂર્વકના અમલીકરણ માટે રાજ્યના ધોરણ ૩-૮ના તમામ શિક્ષકોને બાયસેગના માધ્યમથી પ્રશિક્ષણ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેનું આયોજન નીચે મુજબ છે.

- તા. ૦૯/૦૯/૨૦૧૯ ના રોજ વાચન અભિયાનની તાલીમ બાયસેગના માધ્યમથી ટેલિકોન્ફરન્સરૂપે રહેશે.
  **11.00** થી **12.30** દરમિયાન ધોરણ **6** થી **8** ના શિક્ષકોએ અને
  **15.30.** થી **17.00** દરમિયાન ધોરણ **3** થી **5** ના શિક્ષકોએ શાળાકક્ષાએ બિનચૂક જોવાની તથા જરૂરી પ્રશ્નોત્તરી
- દરેક **CRC, BRC coordinators, BRP, ADEI, TPEO, DIET lecturer** એ મોનિટરિંગ કરવું.
  વ્યક્તિગત રીતે દરેકે ટેલિકોન્ફરન્સ દરમિયાન બે શાળાની આકસ્મિક મુલાકાત લેવી.

આ પ્રશિક્ષણમાં વાચન અભિયાનનો હેતુ, તેનું મહત્વ, અભિયાન દરમિયાન કેવી કેવી પ્રવૃત્તિઓ કરાવવાની છે, કેવી રીતે કરાવવાની છે તેનું પ્રત્યક્ષ નિદર્શન વગેરે તમામ બાબતોનો સમાવેશ કરવામાં આવશે.

તેથી ઉપરોક્ત ટેલિકોન્ફરન્સ ધોરણ ૩ – ૮ના તમામ શિક્ષકો નિહાળે તે માટે આપની કક્ષાએથી આગળની કાર્યવાહી કરવા વિનંતી.

સચિવ
જીસીઇઆરટી,
ગાંધીનગર

નકલ રવાના : અમલાર્થે
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ
નકલ સવિનય રવાના ;
માન. નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર